# મે

૧ મે ૧૯૬૦ - ‘ ગુજરાત સ્થાપના દિન’ બૃહદ મુંબઈ રાજ્યમાંથી વિભાજન થઈને અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ. ગુજરાત રાજ્યનો શુભારંભ મૂકસેવક રવિશંકર મહારાજના શુભ હસ્તે થયો હતો.

૩ મે ૧૯૫૨ - ગુજરાતી અને હિન્દી ફિલ્મના મહાન અભિનેત્રી અરૂણા ઈરાનીનો જન્મ મુંબઈમાં થયો હતો. ઈ.સ. ૧૯૮૦માં ‘ સોરઠની પદમણી’ ગુજરાતી ફિલ્મની શરૂઆત કરી. તેમણે ૩૦૦ થી વધારે ફિલ્મોમાં સહાયક તરીકે અભિનય કર્યો હતો.

૪ મે ૧૮૯૭ - ગુજરાત રસાયણશાસ્ત્રી ડૉ. આર્.ડી.દેસાઈનો જન્મ પારડી તાલુકાના ઉમરસાડી ગામમાં થયો હતો. તેમણે ૧૫૦ થી વધારે સંશોધન પેપર્સ પ્રસિદ્ધ કર્યા.(અવસાન- ૧૫/૧૧/૧૯૯૧)

૬ મે ૧૯૧૧ - ‘જ્યોતિસંઘ’ સંસ્થાની સ્થાપના કરનાર મૃદુલા સારાભાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. ઈ.સ. ૧૯૩૪માં ગાંધીજીની પ્રેરણાથી અમદાવાદમાં ‘ જ્યોતિસંઘ’ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાનો હેતુ બહેનોને વ્યક્તિત્વ વિકાસ તથા આત્મનિર્ભર બનાવવાનો હતો. (અવસાન- ૨૭/૧૦/૧૯૭૪)

૭ મે ૧૭૮૫ - ‘ ચાબખા’ મૌલિક કાવ્યપ્રકારનું સર્જન કરનાર તથા ગુજરાતના કબીર તરીકે ઓળખાતા ભોજા ભગત ની જન્મ જેતપુર પાસે આવેલા દેવકીગાલોલમે થયો હતો. તેમનું ‘ કાચબા કાચબી’નું ભજન તથા ‘ પ્રાણિયા ભજી લે ણે કિરતાર...’ ભજન ખૂબ જ્ લોકપ્રિય બનેલું છે.

૭ મે ૧૯૧૨ - ગુજરાતી સાહિત્યમાં જ્ઞાનપીઠ વિજેતા પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ રાજસ્થાનના ડુંગરપુર જીલ્લાના માંડલી ગામમાં થયો હતો. તેમણે ‘ માનવીની ભવાઈ’, ‘ વળામણાં, ‘ નાછૂટકે’, ‘ મળેલા જીવ’ અને કંકુ’ જેવી ઉત્તમ ગુજરાતી નવલકથા આપી હતી. ઈ.સ. ૧૯૮૫માં ‘ માનવીની ભવાઈ’ નવલકથાને ભારતીય સાહિત્ય માટેનો સર્વોચ્ચ જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો હતો.( અવસાન- ૬/૪/૧૯૮૯)

gnanbhandar.com

૮ મે ૧૯૪૭ - ગુજરાતી સાહિત્યના નવલકથાકાર ધ્રુવ પ્રબોધરાય ભટ્ટનો જન્મ ભાવનગર જીલ્લાના નિગાળા ગામમાં થયો હતો. તેમનું વતન મોરબી હતું.તેમણે ' અગ્નિકન્યા', ' અતરાપી' અને ' તત્વસમિ' નવલકથાને સાહિત્ય અકાદમી દિલ્લી દ્વારા પારિતોષિક એનાયત થયેલ છે.

૯ મે ૧૯૧૬ - તળપદી ગ્રામકથાઓના સર્જન કરનાર સમાજના હિતચિંતક ઈશ્વરભાઈ મોતીભાઈ પેટલીકરનો જન્મ ખેડા જીલ્લાના પેટલી ગામમાં થયો હતો. તેમનું ઉપનામ ' નારાયણ' અને ' પરિવ્રાજક' હતું. તેમની 'જનમટીપ' નવલકથા ગુજરાતી નવલકથામાં આગવું સ્થાન છે. આ ઉપરાંત ' ભવસાગર', 'પાતાળકૂવો', ' પંખીનો માળો' તેમની અન્ય નવલકથાઓ છે. (અવસાન- ૨૨/૧૧/૧૯૮૩)

૧૦ મે ૧૮૮૧ – કર્તવ્યનિષ્ઠ સમાજસેવક ગટુભાઈ ગોપીલાલ ધ્રુવનો જન્મ અમદાવાદમાં થયો હતો. ગુજરાત સામાજિક સેવામાંન્દાલનું મુખપત્ર પખવાડીક ' જ્યોતીધર'નું સંપાદનની કામગીરી કરી હતી. આ ઉપરાંત મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ, અમદાવાદની કાર્યવાહક સમિતિના મંત્રી તરીકે સેવા આપી હતી.

૧૧ મે ૧૯૦૯ - દેશના સ્વાતંત્ર્ય આંદોલન સમયના મૂલ્યવાન તસ્વીરો કંડારનાર જગન વાસુદેવભાઈ મહેતાનો જન્મ વિરમગામમાં થયો હતો. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ તેમણે ' રાષ્ટ્રપિતા ગાંધીજી' આલબમ પ્રગટ કર્યો હતો.(અવસાન- ૧૦/૨/૨૦૦૩)

૧૨ મે ૧૮૯૨ - ગુજરાતી વાર્તાકાર અને નવલકથાકાર રમણલાલ વસંતભાઈ દેસાઈનો જન્મ વડોદરા જીલ્લાના શિનોર ગામમાં થયો હતો.લેખનપ્રવૃતિની શરૂઆત ' સંયુક્તા' નાટકથી કરી હતી. તેમણે ' ગ્રામલક્ષ્મી ભાગ ૧ થી ૪, ; કોકિલા', 'હૃદયવિભૂતિ' અને ' સ્નેહ યજ્ઞ' સામાજિક નવલકથાઓ આપી છે. ( અવસાન- ૨૦/૯/૧૯૫૪)

૧૨ મે ૧૯૩૪ - ગુજરાતી નવલકથાકાર યશવંત નાથાલાલ કડીકારનો જન્મ મહેસાણા જીલ્લાના કડી ગામમાં થયો હતો.તેમના ઉપનામ ' બિન્દાસ', 'યશુ', 'યશરાજ', વાત્સલ્યમૂર્તિ' હતા. તેમણે ' નીલ ગગનનો તારો', ' અનામિકા', ' વિસ્તરતા વેદનાના વન' તેમની ખ્યાતનામ કૃતિઓ છે.

gnanbhandar.com

૧૩ મે ૧૮૯૮ - ભારતીય સ્થાપત્ય પરંપરાને સાચવી રાખનાર શિલ્પ કારીગર પ્રભાશંકર ઓઘડ્ભાઈ સોમપુરાનો જન્મ પાલીતણામાં થયો હતો. તેમણે દિલ્લીમાં અક્ષર પુરષોત્તમના ભવ્ય મંદિરની સ્થાપના કરી હતી. આ ઉપરાંત તેમણે શિલ્પશાસ્ત્રના લગભગ ૧૪ ગ્રંથ પ્રસિદ્ધ કર્યા છે. (અવસાન-૨૮/૫/૧૯૭૮)

૧૩ મે ૧૯૨૪ - નિરાધાર બહેનોના જીવનમાં આશાનું કિરણ પ્રગટાવનાર અરૂણાબેન દેસાઈનો જન્મ જૂનાગઢના પ્રસિદ્ધ નાગર શંકરપ્રસાદને ત્યાં થયો હતો. વઢવાણમાં વિકાસ વિદ્યાલયની શરૂઆત કરી સેવા કાર્યની કામગીરી કરી હતી. આ ઉપરાંત તેમણે ' વિદ્યાલય' નામનું સામયિકની શરૂઆત કરી હતી. ઈ.સ ૧૯૯૨માં માનવ સંશાધન વિકાસ મંત્રાલયનો બાળ કલ્યાણનો રૂપિયા બે લાખનો એવોર્ડ એનાયત થયેલ છે. (અવસાન-૧૬/૨/૨૦૦૭)

૧૩ મે ૧૯૪૩ - હિન્દી ચલચિત્ર જગતના પાર્શ્વગાયક અને ઉચ્ચકોટીના ગઝલગાયક મનહર કેશુભાઈ ઉદાસનો જન્મ સાવરકુંડલામાં થયો હતો. તેમણે ૨૫ થી વધુ ગુજરાતી ગઝલ આલ્બમ પ્રસિદ્ધ કર્યા છે.

૧૪ મે ૧૮૯૪ - ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ મહેંદી નવાબ જંગનો જન્મ આંધ્રપ્રદેશ રાજ્યના હૈદ્રાબાદમાં થયો હતો. અમદાવાદ પાલડી ખાતે આવેલ મહેંદી નવાબ જંગ હોલ તેમનું કાયમી સંભારણું અને સ્મારક છે. (અવસાન-૨૩/૬/૧૯૬૦)

૧૬ મે ૧૯૧૦ - સુપ્રસિદ્ધ ચિત્રકાર અને ઉત્તમ ચિત્ર શિક્ષક રસિકલાલ નાર્સીદાસ પરીખનો જન્મ રાજપીપળાના વાલીયામાં થયો હતો. (અવસાન ૨૩/૬/૧૯૮૨)

૧૬ મે ૧૮૯૪ - ગુજરાતમાં વ્યાયામ પ્રવૃતિના પ્રોત્સાહક અંબુભાઈ બાલકૃષ્ણ પુરાનીનો જન્મ અમદાવાદમાં થયો હતો. ' સાવિત્રી'ના તેઓ અચ્છા ભાષ્યકાર હતા. ( અવસાન-૧૫/૧૨/૧૯૬૫)

૧૭ મે ૧૯૪૪ - વિશ્વ પ્રવાસીનું લોકપ્રિય બિરૂદ પામનાર પ્રિતી સેનગુપ્તા શાહનો જન્મ અમદાવાદમાં થયો હતો.તેમણે ૧૦૦ થી વધારે દેશોનો પ્રવાસ કર્યો હતો.' જૂઈનું ઝૂમખું' તેમનો કાવ્યસંગ્રહ છે.

gnanbhandar.com

૧૭ મે ૧૮૫૮ - ગુજરાતી સાહિત્યના શાપિત કવિ બાલાશંકર ઉલ્લાસરાય કંથારીયાનો જન્મ નડિયાદમાં થયો હતો. કલાન્ત કવિ અને બાલ કવિ તેરીકે તેઓ જાણીતા હતા. ( અવસાન ૨/૪/૧૮૯૮)

૧૮ મે ૧૮૩૯ - ભારતના ઉધોગના આદ્ય પિતા જમશેદજી નૌશેરવાનજી તાતાનો જન્મ નવસારીમાં થયો હતો. તેમણે આયર્ન એન્ડ સ્ટીલ કંપની;ની સ્થાપના કરી હતી. (અવસાન-૧૯/૫/૧૯૦૨)

૧૮ મે ૧૮૫૩ - ગુજરતી કવિ અને ગદ્યકાર બહેરામજી મહેર્વાનજી મલબારીનો જન્મ વડોદરામાં થયો હતો. ઈ.સ. ૧૯૦૧માં ઈસ્ટ એન્ડ વેસ્ટ' માસિકની શરૂઆત કરી હતી. 'નીતિવિનોદ' ગરબીઓના સંગ્રહ છે.

૧૮ મે ૧૯૩૬ – ગુજરાતી સાહિત્યના ગઝલક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર ' આદિલ' ઉપનામ ધરાવનાર મહંમદ ગુલાનબી મન્સુરીનો જન્મ કરાંચીમાં થયો હતો. તેમનું મૂળ વતન વડોદરા હતું. તેમનો પ્રથમ ગઝલ કાવ્યસંગ્રહ ' ક્યાં છે દરિયો,ક્યાં છે સાહિલ' હતો. ત્યારપછી ' પગરવ' અને 'સતત' પ્રસિદ્ધ કર્યા હતા. (અવસાન-૬/૧૧/૨૦૦૮)

૧૮ મે ૧૯૨૬ - ગુજરાતી તેમ જ અંગ્રેજી સાહિત્યના વિદ્વાન નિરંજન નરહરી ભગતનો જન્મ અમદાવાદમાં થયો હતો. ' છંદોલય' તેમનો પ્રસિદ્ધ કાવ્યસંગ્રહ છે. તેમની 'સ્વાધ્યાયલોક' કૃતિને ૧૯૯૯માં સાહિત્ય અકાદમી , દિલ્લીનો એવોર્ડ એનાયત થયેલ છે.

૧૯ મે ૧૯૦૮ - સેવા પરાયણ સંત અને જીવનભર કથાકીર્તન કરનાર પુનીત મહારાજનો જન્મ ધંધુકામાં થયો હતો. તેમનું મૂળ નામ બાલકૃષ્ણ શંકરભાઈ ભટ્ટ હતું. તેઓ ' જનકલ્યાણ' માસિકના તંત્રી તરીકે સેવા આપી હતી. તેમણે ૩૫૦૦ થી વધુ ભજનો, ભારતીય સંતોના જીવન અને કવન પર આધારિત વ્યાખ્યાનો આપ્યા છે. (અવસાન – ૨૭/૭/૧૯૬૨)

gnanbhandar.com

૨૧ મે ૧૯૩૧ - ગુજરાતી સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રિતમલાલ લક્ષ્મીશંકર જોશીનો જન્મ ભૂજ કચ્છમાં થયો હતો. ' સિંદુર નો સુરજ' , ' પાષાણ શય્યા' નવલકથાઓ આપી. (અવસાન- ૨૧/૫/૧૯૩૧)

૨૧ મે ૧૯૩૬ - હિન્દી ફિલ્મોમાં એકમાત્ર ગુજરાતી ગીતકાર વિઠ્ઠલભાઈનો જન્મ મધ્યપ્રદેશ રાજ્યના સાગરમાં થયો હતો. તેમનું મૂળ વતન નડિયાદ હતું. તેમણે ' જૂથ બોલે કોઆં કાંતે' અને ' ણા ચાહું સોના ચાંદી...' જેવા લોકપ્રિય ગીતો લખ્યા હતા. ' સત્યમ શિવમ સુન્દરમ' ના ગીતો માટે તેમણે ' ગોલ્ડન ' ડિસ્ક મળી હતી.

૨૨ મે ૧૯૧૮ - સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ તથા સંશોધનકાર ડૉ. પ્રહલાદરાય ચુનીલાલ વૈધનો જન્મ જુનાગઢ જીલ્લાના શાપુરમાં થયો હતો. ગણિતશિક્ષણના પ્રસંગોને આલેખતું પુસ્તક ' ચોક અને ડસ્ટર', ' પસ્તીના પાનું' વિશિષ્ઠ ડાયરી સ્વરૂપ નોંધપાત્ર છે.

૨૨ મે ૧૯૨૬ ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ વિવેચક ડૉ. રમણલાલ જેઠાલાલ જોશીનો જન્મ વિજાપુર તાલુકાના હીરપુરા ગામમાં થયો હતો. તેમણે ' શબ્દસેતુ', ' પરિણામ' અને ' અભીપ્સા' વગેરે વિવેચન ગ્રંથો પ્રગટ કર્યા હતા.

૨૫ મે ૧૯૦૯ - ' બકોર પટેલ' નામે અવિસ્મરણીય પાત્રના સર્જક હરિપ્રસાદ માંનીરાય વ્યાસનો જન્મ વડોદરામાં થયો હતો. તેમણે ' હાથીશંકર', 'ડોક્ટર ઊંટડીયા' , ' જમાદાર ડાઘિયો' જેવા ૩૦ થી વધુ બાળસાહિત્ય પુસ્તકો લખ્યા હતા. (અવસાન- ૧૩/૭/૧૯૮૦)

૨૫ મે ૧૯૨૮ - ગુજરાતી મહિલા નવલકથાકાર અને વાર્તાકાર ધીરૂબેન ગોરધનભાઈ પટેલનો જન્મ વડોદરામાં થયો હતો.તેમણે ' અધૂરો કોણ', વિશ્રન્ભકથા' વાર્તાસંગ્રહો આપ્યા છે. જ્યારે ' વડવાનલ', 'શીમળાના ફૂલ' અને ' આંધળી ગલી' જ્યારે ' વમળ' નવલકથાઓ આપી છે.

૨૫ મે ૧૯૨૮ - ' ચિત્રલેખા'ના તંત્રીપદે સેવા આપનાર હરકિસન મહેતાનો જન્મ સૌરાષ્ટ્રના મહુવામાં થયો હતો. તેમણે ' પીળાં રૂમાલની ગાંઠ' નવલકથા પણ લખી છે. (અવસાન- ૩/૪/૧૯૯૮)

૨૬ મે ૧૮૯૪ - ગુજરાતમાં વ્યાયામ પ્રવૃતિના પ્રણેતા અંબાલાલ બાલકૃષ્ણ પુરાનીનો જન્મ સુરતમાં થયો હતો.તેમણે પ્રવાસવર્ણનો, પત્રસાહિત્ય અને  અધ્યાત્મકણે લગતા નીબંધ્સંગ્રહો લખ્યા છે. ( અવસાન- ૧૧/૧૨/૧૯૬૫)

૨૭ મે ૧૯૬૪ -  સુગમસંગીતના મહાન સ્વરકાર નયનભાઈ લક્ષ્મીકાંત પંચોલીનો જન્મ થયો હતો. તેમણે ' ભજનાનંદ', 'આંગણ સજાવો રાહ', 'આરતી ગંગા' , 'ભજન અને સ્રોતમાલા' તેમના આલ્બમ છે.

૨૭ મે ૧૯૪૦ -  ગુજરાતી સાહિત્યમાં નવલિકાક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર જયંતીલાલ રતિલાલ ગોહેલનો જન્મ ભાવનગર જીલ્લાના ટાણા ગામમાં થયો હતો. તેમણે ' મરણટીપ', 'કમળપૂજા', લઘુનવલકથા  તથા ' જીવ' નવલિકાસંગ્રહ આપ્યા છે. તેમનું ઉપનામ ' માય ડીયર જ્યુ' છે.

૩૦ મે ૧૯૨૧ - આધુનિક ગુજરાતી સાહિત્યના ઉત્તમ પુરસ્કર્તા કવિ સુરેશ હરિપ્રસાદ જોશીનો જન્મ સુરત જીલ્લાના વાલોડમાં થો હતો. તેમણે ' છિન્નપત્ર' ગુજરાતી કવિતાનો આસ્વાદ તેમની બહુમૂલ્ય પ્રસિદ્ધ રચના છે. તેમણે ' ઉપજાતી', પ્રત્યંચા' અને ' ઇતરા' કાવ્યસંગ્રહો આપ્યા છે. (અવસાન ૩/૯/૧૯૮૬)

૩૦ મે ૧૯૫૦ -  ગુજરાતી તેમજ હિન્દી ફિલ્મના કોમેડી પાત્ર ભજવનાર પરેશ રાવલનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમની પ્રથમ ફિલ્મ ' હોલી' હતી. ઈ.સ. ૨૦૦૦ થી કોમેડી પાત્ર ભજવવાની શરૂઆત કરી હતી. ઈ.સ. ૨૦૧૪માં પંદરમી લોકસભામાં અમદાવાદ પશ્ચિમ સંસદીય મતવિસ્તારમાં ચૂંટાયા હતા.

૩૧ મે ૧૯૩૪ -  ગુજરાતી સાહિત્યકાર ભગવતીકુમાર હરગોવિંદ શર્માનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે 'સંભવ', 'અઢી અક્ષરનું સરનામું',' ઉજાગરો' કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કર્યા હતા. તેમની પ્રથમ નવલકથા ' આરતી અને અંગારા' પ્રગટ કરી હતી આ ઉપરાંત ' છિન્ન ભિન્ન' , મહેંક મળી ગઈ' અને ' રાતરાણી' નવલિકાસંગરો પ્રસિદ્ધ કર્યા હતા.

gnanbhandar.com